આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- તૌફિક સમા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૧૪-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## પ્રધાનમંત્રી મોદી-મુંબઈ શિલાન્યાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુંબઈમાં 29 હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે આ પ્રસંગે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે NDA સરકારનું મોડલ સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને વંચિત વર્ગના સશક્તિકરણને પ્રાથમિકતા આપે છે. તેમણે થાણે બોરીવલી ટનલ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો, જે થાણે અને બોરીવલી વચ્ચેના પ્રવાસનું અંતર 12 કિલોમીટર ઘટાડશે અને લગભગ એક કલાકનો મુસાફરીનો સમય બચાવશે.

શ્રી મોદીએ ગોરેગાંવ મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કર્યું હતું, જે ગોરેગાંવ ખાતે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને મુંબઈમાં મુલુંડ ખાતે ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે વચ્ચે વધારાનો કનેક્ટિવિટીનો વિકલ્પ પ્રદાન કરશે. આ લિંક રોડ પશ્ચિમી ઉપનગરો માટે નિર્માણાધીન નવી મુંબઈ અને પુણે મુંબઈ એક્સપ્રેસવેને સીધો જોડશે.

વધુમાં, શ્રી મોદીએ રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી યુવા કાર્ય શિક્ષણ યોજના' શરૂ કરી હતી, જેનો ઉદ્દેશ્ય દર વર્ષે 10 લાખ યુવાનો માટે પેઇડ ઇન્ટર્નશિપની તકો ઊભી કરવાનો છે.

**(RNU અમદાવાદ)**

---

## પેટાચુંટણીના પરિણામ

7 રાજ્યોની 13 વિધાનસભા બેઠકો પર બુધવારે યોજાયેલી પેટાચૂંટણીમાં તમામ પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસે ચાર-ચાર બેઠકો જીતી છે, ભાજપને બે અને આમ આદમી પાર્ટી અને ડીએમકેને એક-એક

બેઠક મળી છે. બિહારમાં એક સીટ અપક્ષ ઉમેદવાર શંકરસિંહના ફાળે ગઈ છે. તેમણે JD(U)ના ઉમેદવાર કલાધર પ્રસાદ મંડલને હરાવીને રૂપૌલી વિધાનસભા બેઠક જીતી છે.

**(RNU અમદાવાદ)**

---

## ચાંદીપુરમ વાઈરસ

ચાંદીપુરમ વાઇરસના શંકાસ્પદ સંક્રમણના કારણે સાબરકાંઠાના હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ચાર બાળકોના મોત થયા હોવાના અહેવાલ છે. જ્યારે બે બાળકો સારવાર હેઠળ છે. તમામ શંકાસ્પદ છ કેસોના નમૂના તપાસ માટે પૂણેની એનઆઈવી લેબમાં મોકલાયા છે. દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, ખેડા અને મહિસાગર જિલ્લામાંથી પણ ચાંદીપુરમના શંકાસ્પદ કેસ મળી આવતા આ વાયરસના નિયંત્રણ માટે ગાંધીનગરમાં ગઈકાલે આરોગ્ય વિભાગે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં સંબંધિત જિલ્લાઓમાં સર્વેલન્સ હાથ ધરવા આદેશ અપાયો છે.

આ ઉપરાંત જે બાળકો શંકાસ્પદ ચાંદીપુરમ વાઇરસના દર્દીઓ છે તેની યોગ્ય સારવાર આપવાની પણ સૂચના આરોગ્ય વિભાગે સંબધિત જીલ્લાઓને આપી છે.

**(RNU અમદાવાદ)**

---

## FDP-કચ્છ યુનિવર્સિટી

આગામી તારીખ 15 થી 20 જુલાઈ દરમ્યાન ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી અને નોલેજ કન્સોર્સિયમ ઓફ ગુજરાત (કેસીજી) અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ વખત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું translation theory and praxis વિષય પર આયોજન કરવામાં આવ્યું છે.

સાપ્તાહિક શિબીર દરમ્યાન અનુવાદ કલા ક્ષેત્રે જુદા જુદા વિષયના રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ પ્રાપ્ત કરેલા તજજ્ઞો માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં

યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સિવાયના કુલ 86 અધ્યાપકો હાજર રહી 7 દિવસ સુધી અનુવાદ કલા વિશેનો અભ્યાસ કરશે. જેમાં ભાષા,વિશિષ્ટતા,મર્યાદા,કવિતા,થિયરી સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં અંગ્રેજી, ગુજરાતી, હિંદી,સિંધી,સંસ્કૃત અને કચ્છી ભાષાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**(તૌફિક સમા/NP)**

---

## ટી-20 ક્રિકેટ

ભારતે T-20 સિરીઝની ચોથી મેચમાં ઝિમ્બાબ્વેને 10 વિકેટે હરાવ્યું છે. આ જીત સાથે ટીમે 5 મેચની સિરીઝમાં 3-1થી લીડ મેળવી લીધી છે. શ્રેણીની છેલ્લી અને પાંચમી મેચ આજે  રમાશે.

ભારતે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા બેટિંગ કરતા ઝિમ્બાબ્વેએ 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 152 રન કર્યા હતા.જવાબમાં ભારતે 15.2 ઓવરમાં એકપણ વિકેટ ગુમાવ્યા વિના મેચ જીતી લીધી હતી.

ભારત તરફથી યશસ્વી જયસ્વાલે 53 બોલમાં અણનમ 93 રન અને શુભમન ગિલે 39 બોલમાં 58 રન કર્યા હતા.

**(તૌફિક સમા/NP)**

---

## CJI-પ્રાદેશિક ભાષામાં અભ્યાસ

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે કહ્યું કે, જો કાયદાના સિદ્ધાંતો સામાન્ય લોકોને સરળ શબ્દોમાં સમજાવી ન શકાય, તો કાનૂની વ્યવસાય અને કાયદાકીય શિક્ષણમાં ખામી છે. લખનૌમાં ડો. રામ મનોહર લોહિયા નેશનલ લો યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં તેમના સંબોધન

દરમિયાન સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશે પ્રાદેશિક ભાષાઓમાં કાયદા શીખવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## હવામાન

ભારતીય હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, કેરળ અને દક્ષિણ કર્ણાટકના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આગામી ચાર દિવસ દરમિયાન તેલંગાણા, મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં પણ ભારે વરસાદની સંભાવના છે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------